# પેન્ડીંગ અરજીઓ માટે અગત્યની સૂચનાઓ

જે વિદ્યાર્થીઓની અરજી જરૂરી દસ્તાવેજો ન હોવાના કારણે કચેરી દ્વારા પેન્ડીંગ રાખવામાં આવેલ હોય, તે વિદ્યાર્થીઓએ નીચે મુજબની સુચના ખાસ ધ્યાને લેવાની રહેશે:

1. વિદ્યાર્થીઓએ મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાની વેબસાઈટ પર જઈને **"Student Status"**માં લોગ ઇન કરવાનું રહેશે.
2. વિદ્યાર્થીઓએ **Student Status**માં લોગ ઇન કર્યા બાદ જો તેઓનું સ્ટેટ્સ પેન્ડીંગ હશે તો તેઓને **"Upload pending document now"**માં જઈને ડોક્યુમેન્ટ અપલોડ કરવા માટે ૨ ઓપ્શન બતાવશે **1) Income Tax Return Form** અને **2) Other.**
3. જે વિદ્યાર્થીઓના સ્ટેટ્સમાં **Income Tax Return Form** પેન્ડીંગ હોય અને **Income Tax Return Form** મંગાવવામાં આવ્યું હોય તેઓએ નીચેની વિગતો અપલોડ કરવાની રહેશે.
   - I. **Income Tax Return Acknowledgement** અપલોડ કરેલ ન હોય તો **Income Tax Return Acknowledgement** અપલોડ કરવું.
   - II. Income Taxની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરેલ Income Tax Return Formને PDF ફોરમેટમાં જ અપલોડ કરવાનું રહેશે. વેબસાઈટ પર દર્શાવેલ **Income Tax Return Form** ના વિવિધ નમુના જેવા કે **ITR-1(SAHAJ)/ ITR-2/ ITR3/ ITR-4(SUGAM)** પૈકી વિદ્યાર્થીના વાલીએ જે **Income Tax Return Form** ભરેલ હોય તે જ આ નમુના મુજબનું **Income Tax Return Form** અપલોડ કરવું. **(Refer List of Documents Formats (2020-21): Income Tax Return Format).**
4. લોકડાઉનના સમય ગાળાને કારણે ઘણા વિદ્યાર્થીઓએ જૂની હોસ્ટેલ રિસીપ્ટ મૂકેલ છે. જો આ વર્ષની માન્ય રિસીપ્ટ , રેવેન્યુ સ્ટેમ્પ, સહી અને સિક્કા સાથેની ન હોય અથવા ચાલુ વર્ષનો ભાડા કરાર ના કરેલ હોય અને વિદ્યાર્થી હોસ્ટેલમાં રહેતો ના હોય તેવા કિસ્સામાં હોસ્ટેલ સહાય જતી કરવાનું લખાણ વિદ્યાર્થીની સહી સાથે અપલોડ કરવું જેથી બાકીની સહાય મંજૂર કરી શકાય.
5. **Other** ઓપ્શન સિલેક્ટ કરી **Remarks**માં દર્શાવેલ મુજબના જ દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે. **Student Status** માં **Remarks**માં કચેરી દ્વારા જે દસ્તાવેજો મંગાવવામાં આવ્યા હોય તે જ દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે.

નોંધ:

1. વિદ્યાર્થી દ્વારા ૩થી વધુ વખત ખોટા દસ્તાવેજો અપલોડ કરવામાં આવશે તો તેઓની અરજી રદ કરવામાં આવશે.
2. માત્ર **Income Tax Return Form** જ **.pdf** ફોરમેટમાં અપલોડ કરવાનું રહેશે બાકીના અન્ય ડોક્યુમેન્ટ **JPEG/JPG** ફોરમેટમાં અપલોડ કરવાના રહેશે.
3. જે વિદ્યાર્થીઓ પાસે માતા-પિતા બંનેના **ITR form** મંગાવવામાં આવેલ હોય તો તેઓએ બંનેના **Income Tax Return Form**ને **merge** કરીને અપલોડ કરવાના રહેશે.
4. **Income Tax Return Form**ના વિવિધ નમુના જોવા માટે **:** અહિયાં ક્લિક કરો